ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૯/૧૯–૨૦/ 149 તારીખ : 16 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ,**
પાર્થ પ્રકાશભાઈ સોની,
મહાલક્ષ્મી મંદિર સામે, સોનીયા શેરી,
લીંબડી – ૩૬૩ ૪૨૧
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૯૦૪૦ ૩૧૪૧૦.**

કેસ નં.૭૯/૧૯–૨૦

**વિષય : જુલાઈ–ઓગ.–૧૮ ના એવરેજ બીલ સામે વાંધો બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૦૭/૧૦/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૧૯–૨૦/૪૦૫૧ તા.૧૫/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૧૯–૨૦/૪૮૮૨ તા.૦૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૧૨/૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૭૯/૧૯–૨૦ ☜

વાદી :– મે. શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૭.૧૨.૨૦૧૯ ◈

હાજર રહયા :– શ્રી પાર્થ પ્રકાશભાઈ સોની – (મે. શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝનાં પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી એમ. આર. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ, મુ.લીંબડી, તા.જી.સુરેન્દ્રનગરની જુલાઈ–ઓગ.–૨૦૧૮ ના એવરેજ બીલ સામે વાંધો બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૯/૧૯–૨૦/૪૦૫૧ તા.૧૫.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૭.૧૨.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી મે. શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝનાં પાર્ટનર શ્રી પાર્થ પ્રકાશભાઈ સોની હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. એચ. ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મઢાદ ગામે શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ નામે એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.૧૭૬૩૦, લોડ ૨૩૦ કે.વી.નું ધરાવીએ છીએ.

૧.૨ આ વીજજોડાણ ભરડીયા માટેનું છે. સામાન્ય રીતે ચોમાસામાં ખાણમાં પાણી ભરાઈ જવાથી પથ્થર નીકળી ન શકે તેથી જુલાઈ થી સપ્ટેમ્બર સુધી અમો ભરડીયો લગભગ બંધ રહે છે. તે દરમ્યાન ફકત લાઈટીંગ લોડ જ વપરાશમાં હોય છે. અમારા જુન, જુલાઈ, ઓગસ્ટ, સપ્ટે.–૨૦૧૭ ના બીલ નીચે મુજબ છે.

P.G.V.C.L. Bhavnagar

| | | |
|---|---|---|
| જુલાઈ–૧૭ | ૨૦૭૧૨ યુનીટ | રૂ.૧૫૬૦૨૮/– |
| ઓગસ્ટ–૧૭ | ૧૨૦૨ યુનીટ | રૂ.૩૯૧૯૭/– |
| સપ્ટે.–૧૭ | ૧૬૬૪ યુનીટ | રૂ.૪૩૭૮૭/– |
| જુલાઈ–૧૬ | ૨૦૨૧૬ યુનીટ | રૂ.૧૪૩૬૩૨/– |
| ઓગસ્ટ–૧૬ | ૧૬૯૦૦ યુનીટ | રૂ.૧૨૫૫૫૯/– |
| સપ્ટે.–૧૬ | ૧૬૬૯ યુનીટ | રૂ.૪૩૯૮૭/– |

૧.૩ આમ, ઉપરોકત સમયગાળો જોતાં અમોને જે જુલાઈ–૧૮, ઓગસ્ટ–૧૮માં એવરેજ બીલ યુનીટ ૨૭૫૧૪ નું આવેલ જયારે જુલાઈ–૧૬ તારીખે રીડીગ લેવા પીજીવીસીએલ ના માણસો આવેલા ત્યારે ડીસ્પ્લે મીટરમાં બતાવતું ન હતું. ત્યારબાદ પણ મીટર એક મહીનો મોડું બદલતાં ઓગસ્ટમાં પણ અમોને એવરેજ યુનીટનું રૂા૧૮૯૮૧૯/– નું બીલ આપેલ તે તદન ખોટુ છે. બીજુ કે તે ખરીદ વેચાણના આંકડા જી.એસ.ટી. ઓનલાઈન સાઈટ ઉપર તમે જોઈ શકો છો. જેના ઉપરથી ખ્યાલ આવશે કે તે દરમ્યાન અમારો વપરાશ જોયેલ નથી.

૧.૪ વધુમાં કે, મીટર લેબોરેટરીમાં ખોલીને કંપનીમાં મોકલેલ અને કંપનીનો જે રીપોર્ટ આવેલ તે આ સાથે સામેલ છે જેમાં મીટરના ફાઈનલ એબનોર્મલ રીડીગ પણ બતાવેલ છે. જેથી અમોને સપ્ટે–૧૮ નું જે બીલ આપેલ છે, તે મુજબ જુલાઈ–૧૮, ઓગસ્ટ–૧૮ નું બીલ સુધારી આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ લીબડી વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતી લીબડી રૂરલ પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.૧૭૬૩૦, મે.શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ ૨૩૦ કે.વી.એ.નું એચ.ટી. વીજ કનેકશન ૦૬.૦૯.૨૦૧૪ થી ધરાવે છે. સદર એચ.ટી. વીજ ગ્રાહક દવારા તેમના એચ.ટી. વીજજોડાણના વીજબીલ બાબતની ઉપરોકત મુજબ રજુઆત કરેલ છે, જેનો મુદ્દાવાઈઝ પ્રત્યુતર નીચે મુજબ છે.

૨.૨ મે.શ્રી રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ મઢાદ ૨૩૦ કે.વી.એ.નું ગ્રાહક નં.૧૭૬૩૦ થી એચ.ટી. વીજજોડાણ ધરાવે છે.

૨.૩ સદર ગ્રાહકના તા.૧૬.૦૭.૨૦૧૮ ના રોજ લીબડી રૂરલ પેટા વિભાગીય કચેરી દવારા એચ.ટી. રીડીગ લેવા ગયેલ ત્યારે ડીસ્પ્લેમાં રીડીગ ન દેખાતા હોવાની જાણ અત્રેની કચેરીને થયેલ.

૨.૪ આમ, સદર ગ્રાહકનું જુલાઈ–ઓગસ્ટ–૨૦૧૮ નું વીજબીલ કંપનીના નિયમ મુજબ છેલ્લા ત્રણ માસનાં એપ્રિલ–મે–જુન–૨૦૧૮ ના એવરેજ યુનીટની ગણતરી કરીને ૨૭૫૧૪ યુનીટ પ્રમાણે બીલ બનાવેલ, જે ગણતરીની શીટ આ સાથે જોડેલ છે.

૨.૫ સદર ગ્રાહકનું મીટર ચેન્જ તા.૨૩.૦૮.૨૦૧૮ ના રોજ એચ.ટી. ઈન્સ્ટોલેશન ચેકીગ શીટ બી.ઝેડ.૧૯૭૧૦ તા.૨૩.૦૮.૨૦૧૮ થી કરવામાં આવેલ, જેની કોપી આ સાથે સામેલ છે.

૨.૬ તા.૧૬.૧૧.૨૦૧૮ ના સુરેન્દ્રનગર ખાતે મીટરની તપાસણી અર્થે ગ્રાહકના પ્રતિનીધી તરીકે શ્રી જે. કે. પટેલની હાજરીમાં વીજમીટર નં.PGHT5A3167 ની લેબોરેટરી તપાસણી કરવામાં આવેલ, જે તપાસણી દરમ્યાન મીટરની ડીસ્પ્લેમાં રીડીગ દેખાતાં ન હતાં. મીટરનો MRI પણ આવતો ન હતો અને MRI લેતા "COMMUNICATION FAIL" મેસેજ આવતો. જે લેબોરેટરીમાં મીટર તપાસણીનો સંયુકત અહેવાલ આ સાથે સામેલ છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

૨.૭ GENUS કંપની દવારા સદર મીટર નંબર PGHT5A3167 ની તપાસણી કરી વિગતવાર અહેવાલ અત્રેની કચેરીને મોકલવામાં આવેલ, જે મુજબ મીટરના ફાઈનલ એબનોર્મલ રીડીગ KWH ૯૫૩૩૦૮૩.૯૨૦૦, KVAH ૫૩૮૬૨૮૩.૩૭૦, KVARH ૨૨૫૭૫૦.૭૦૦ આવેલ છે, જે રીપોર્ટની કોપી આ સાથે સામેલ છે.

૨.૮ વિશેષમાં સદર ગ્રાહકને GERC સપ્લાય કોડ ૬.૫૮ મુજબ છેલ્લા ત્રણ માસનાં એવરેજ યુનીટની ગણતરી કરીને બીલ આપેલ છે, જે યોગ્ય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે. રામ સ્ટોન ઈન્ડસ્ટ્રીઝના નામનું એચ.ટી. વીજજોડાણ ૨૩૦ કે.વી.એ., HTP-1 ટેરીફ હેઠળ ગ્રાહક નં.૧૭૬૩૦ થી ગામ–નાના મઢાદ, તા.વઢવાણમાં ધરાવે છે. વાદીનું એચ.ટી. વીજજોડાણ સ્ટોન ક્રશરનાં હેતુ માટેનું છે.

૩.૨ વાદીનાં એચ.ટી. વીજજોડાણનાં મીટરનાં વીજ વપરાશનાં બીલ માટે પ્રતિવાદીએ તા.૧૬.૦૭.૧૯ ના રોજ રીડીગ લેતા સમયે માલુમ પડેલ કે વાદીનાં મીટરમાં 'NO DISPLAY' જોવા મળેલ અને પ્રતિવાદીએ રીડીગ લીધેલ નહી તેવી જ રીતે તા.૧૬.૦૮.૧૯ ના રોજ રીડીગ લેતા સમયે પણ મીટર ન બદલવાને કારણે મીટરનાં ડીસ્પ્લે પર રીડીગ ન હોવાથી (NO DISPLAY) પ્રતિવાદી ખરેખર વીજવપરાશનાં રીડીગ લઈ શકેલ નહી.

૩.૩ ત્યારબાદ પ્રતિવાદીએ તા.૨૩.૦૮.૧૮ ના રોજ વાદીનાં બંધ મીટર (NO DISPLAY) ને નવું મીટર લગાડી બદલાવેલ. તા.૨૩.૦૮.૧૯ ના રોજ મીટરનાં સ્ક્રીન પર 'NO DISPLAY' ને કારણે રીડીગ લઈ શકેલ નહી.

૩.૪ તા.૧૬.૧૧.૧૮ ના રોજ વાદીનાં એચ.ટી. વીજ મીટરનું, મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં વાદીની હાજરીમાં લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને વાદીનું મીટર, મીટરની કંપની GENUS ને MRI માટે મોકલવામાં આવેલ.

૩.૫ GENUS કંપનીએ આવેલ MRI રીપોર્ટ મુજબ મીટર ડીફેકટીવ થવાથી એબનોર્મલ રીડીગ જોવા મળેલ, જેમાં એબનોર્મલી ૯૫૩૩૦૮૩.૯૨ KWH વીજ વપરાશની નોંધ થયેલ.

૩.૬ આમ, મીટરમાં MRI રીપોર્ટ મુજબ એબનોર્મલ વીજ વપરાશની નોંધ જુલાઈ–ઓગસ્ટ માસ દરમ્યાન થયેલ હોય, પ્રતિવાદીએ વાદીને GERC ના સપ્લાય કોડ ૪/૨૦૧૫ ના કલોઝ નં.૬.૫૮ મુજબ એપ્રિલ–મે–જુન–૨૦૧૮ માસ દરમ્યાન વાદીનાં વીજ સ્થાપન પરનાં મીટરમાં નોંધાયેલ કુલ વીજવપરાશ ૮૨૫૪૨ ની માસિક એવરેજ ૨૭૫૧૪ યુનીટની વીજ વપરાશ મુજબ જુલાઈ અને ઓગસ્ટ માસનું એવરેજ બીલ આપેલ, જેથી વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૭ વાદીએ ફોરમને કરેલ રજુઆત મુજબ જુલાઈ–ઓગસ્ટ માસ દરમ્યાન વરસાદને લીધે ખાણમાં પાણી ભરાવાને કારણે વીજ વપરાશ બહુ સામાન્ય હોય છે અને તે માટે વાદીએ તેમની રજુઆતમાં તેઓએ જુલાઈ–ઓગસ્ટ–સપ્ટેમ્બર–૨૦૧૬ અને ૨૦૧૭ દરમ્યાન થયેલ વીજ વપરાશ જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ વાદીએ ફોરમ પાસે જુલાઈ–ઓગસ્ટ–'૧૮ માસ દરમ્યાન વરસાદ થવાથી તેઓની વપરાશ નહીવત છે તે બાબતનાં કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી તેમજ વાદીએ તેમની રજુઆતમાં જુલાઈ–ઓગસ્ટ–૨૦૧૬ અને ૨૦૧૭ નાં વીજવપરાશનાં યુનીટ જણાવેલ છે તે મુજબ વીજવપરાશની નોંધ થયેલ હોય, તેવું જણાય છે. આથી પ્રતિવાદીએ સપ્લાય કોડનાં સેકશન ૬.૫૮ મુજબ એવરેજ વીજ વપરાશનાં યુનીટનું આપેલ બીલ યોગ્ય છે, જે વાદીએ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૭.૧૨.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar